## વિડીયો કોલ પર 'અદાલત' ભરાઈ, વૃદ્ધના 58 લાખ સાફ!

**ભરૂચના** નિવૃત્ત કર્મચારીને ખુરશી પર બેઠા-બેઠા 'જેલ'

ભરૂચ: ભરૂચના એક 70 વર્ષીય નિવૃત્ત વૃદ્ધને TRAI, CBI અને સુપ્રીમ કોર્ટના અધિકારીઓના નામે ડરાવી, 'ડિજિટલ અરેસ્ટ' કરી 58 લાખ પડાવી લેવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ કાંતિલાલ મનસુખભાઈ પટેલ પર ગત 18 ફેબ્રુઆરીએ એક વોટ્સએપ કોલ આવ્યો હતો.

સામેવાળા શખ્સે પોતાની ઓળખ TRAIના અધિકારી તરીકે આપી જણાવ્યું કે, તમારા આધાર કાર્ડ પર લેવાયેલા નંબરથી ગેરકાયદે મેસેજ મોકલવામાં આવી રહ્યા છે. ત્યારબાદ આ કોલ મુંબઈ સાયબર ક્રાઈમના નકલી આઈપીએસ વિજય ખન્ના પાસે ટ્રાન્સફર કરાયો હતો. ઠગોએ વૃદ્ધને ધમકાવતા કહ્યું કે, તમારું નામ નરેશ ગોયલ મની લોન્ડરિંગ કેસમાં સંડોવાયેલું છે અને કેનેરા બેંકના ખાતામાંથી 2 કરોડના વ્યવહાર થયા છે.

વૃદ્ધને વિશ્વાસમાં લેવા માટે ઠગોએ વિડીયો કોલ પર સુપ્રીમ કોર્ટ જેવું દૃશ્ય ઊભું કર્યું હતું, જેમાં નકલી જજ તપાસના આદેશ આપતા દેખાયા હતા. આ દરમિયાન વૃદ્ધને સતત વિડીયો કોલ પર રાખી (ડિજિટલ અરેસ્ટ) તેમના મ્યુચ્યુઅલ ફંડ તોડવા દબાણ કરાયું હતું. ગભરાયેલા વૃદ્ધે 24 ફેબ્રુઆરીએ બનાવટી દસ્તાવેજોના આધારે એગ્રો લેન્ડ કન્સ્ટ્રક્શન અને એસ.વી. ટ્રાન્સપોર્ટના બે અલગ-અલગ બેંક ખાતામાં કુલ 58 લાખ ટ્રાન્સફર કરી દીધા હતા. જો કે, 25 ફેબ્રુઆરીએ ઠગોએ ફરીથી ફિક્સ ડિપોઝિટ તોડવા દબાણ કરતા વૃદ્ધને છેતરપિંડીનો અહેસાસ થયો હતો અને તેઓ સચેત થઈ ગયા હતા. તેમણે તુરંત સાયબર હેલ્પલાઈન 1930 પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે આઈટી એમેન્ડમેન્ટ એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## સોશિયલ મીડિયામાં ડુમખલ ગામની બદનામી બાબતે લોકોનું આંદોલન

**ત્રણ** દિવસ પહેલા કરેલી રજૂઆત છતાં ફરિયાદ દાખલ ન થતાં આદિવાસીઓનાં ધરણા



ડેડિયાપાડા, ભરૂચ: સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ કરી ડુમખલ ગામની ખોટી ઓળખ આપી બદનામ કરવાના વિરોધમાં આજે ડેડિયાપાડામાં લોકરોષ ફાટી નીકળ્યો હતો. ૪૧ ડિગ્રીની કાળઝાળ ગરમીમાં પૂર્વ પટ્ટીના મોટી સંખ્યામાં આદિવાસી ભાઈ-બહેનોએ ડેડિયાપાડા પોલીસ સ્ટેશનનો ઘેરાવો કરી ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું.

ડુમખલ ગામના અનિરુદ્ધ વસાવા સહિતના ગ્રામજનોએ ગત ૯મી માર્ચના રોજ પાંચ શખ્સો વિરુદ્ધ લેખિત ફરિયાદ આપી હતી. આક્ષેપ છે કે આ શખ્સોએ સોશિયલ મીડિયામાં ગામની ખોટી ઓળખ આપી બદનામી કરી હતી.

જો કે, દિવસો વીતવા છતાં પોલીસે કોઈ કાર્યવાહી ન કરતાં ગ્રામજનોમાં ભારે અજંપો વ્યાપ્યો હતો. જેના પગલે ગુરુવારે મોટી સંખ્યામાં લોકોએ પોલીસ મથક સામે ધરણા કર્યા હતા અને 'બહેનોને ન્યાય આપો' તથા સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. આ આંદોલનમાં નર્મદા જિલ્લા 'આપ' પ્રમુખ નિરંજન વસાવા, પૂર્વ સરપંચો અને અન્ય આગેવાનો જોડાયા હતા. પરિસ્થિતિની ગંભીરતા જોઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. આશરે ચાર કલાકના વિરોધ બાદ પોલીસ અધિકારીઓએકાર્યવાહી કરવાની લેખિત ખાતરી આપતા આંદોલન સમેટી લેવામાં આવ્યું હતું.

## રાજપીપળામાં કારે બાઈકને ટક્કર મારતાં યુવક ઘાયલ

રાજપીપળા: રાજપીપળા-કેવડિયા રોડ પર વાવડી સી.એન.જી. પેટ્રોલ પંપ પાસે કાર ચાલકે બાઈક સવાર યુવકને ટક્કર મારતાં યુવકને ગંભીર ઈજા પહોંચી હતી. રાજપીપળાના કસ્બાવાડમાં રહેતા અને વેપાર કરતા ઈકબાલભાઈ મેમણનો 32 વર્ષીય પુત્ર ખલીલ પોતાની યામાહા R15 બાઈક નં.(GJ-22-S-2382) લઈને ગત ૭ ફેબ્રુઆરીના રોજ રાત્રે સવા નવેક વાગ્યાના અરસામાં રાજપીપળાથી કેવડિયા તરફ જઈ રહ્યો હતો. દરમિયાન સામેથી આવતી એક સ્વિફ્ટ કાર નં.(UP-92-AU-4414)ના ચાલકે બાઈકને સામેથી ટક્કર મારી હતી. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક ૧૦૮ મારફતે રાજપીપળા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે વડોદરાની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ફરિયાદીના જણાવ્યા અનુસાર અગાઉ કારચાલક પક્ષ સાથે સમાધાનની વાતચીત ચાલતી હોવાથી ફરિયાદમાં વિલંબ થયો હતો, પરંતુ સારવારનો ખર્ચ ન ચૂકવતાં આખરે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. રાજપીપળા પોલીસે કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ફોકડીમાં બાળકો પૌષ્ટિક આહાર લે છે ત્યાં જ કચરાપેટી ગોઠવાઈ!

**પદાધિકારીઓ** અને અધિકારીઓની મિલીભગતથી સ્થળની યોગ્ય ચકાસણી પણ ન કરાઈ



પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકામાં સ્વચ્છ ભારત મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં બનાવવામાં આવતી સામૂહિક કચરાપેટીઓ (કમ્પોસ્ટ ખાતર યુનિટ) વિવાદનું કેન્દ્ર બની છે. પદાધિકારીઓ અને અધિકારીઓની મિલીભગતથી સ્થળની યોગ્ય ચકાસણી કર્યા વગર જ મનફાવે ત્યાં બાંધકામ કરી દેવામાં આવતાં સ્થાનિક પ્રજામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

નેત્રંગ-રાજપારડી રોડ પર આવેલા ફોકડી ગામે આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે, જ્યાં ગરીબ આદિવાસી બાળકો શિક્ષણ મેળવે છે અને સરકાર દ્વારા તેમને પૌષ્ટિક આહાર આપવામાં આવે છે. આશ્ચર્યની વાત એ છે કે, સ્વચ્છ ભારત મિશન ૨૦૨૪-૨૫ની ગ્રાન્ટમાંથી આ આંગણવાડીની બિલકુલ બાજુમાં જ વિશાળ કચરાપેટી ઊભી કરી દેવામાં આવી છે. ગ્રામજનો જ્યારે અહીં કચરો નાખશે ત્યારે દુર્ગંધ અને મચ્છરોનો ત્રાસ વધશે, જેની સીધી અસર માસૂમ બાળકોના સ્વાસ્થ્ય પર પડશે.

આંગણવાડીના સંચાલિકાએ અગાઉ પણ તંત્રને રજૂઆત કરી હતી કે બાળકોના હિતમાં આ કચરાપેટી દૂર બનાવવામાં આવે. જો કે, જવાબદાર અધિકારીઓએ બાળકોના આરોગ્યની પરવા કર્યા વગર કામગીરી ચાલુ રાખી હતી. હદ તો ત્યારે થઈ જ્યારે આ જ ગામમાં બીજી કચરાપેટી આંગણવાડીથી માત્ર ૫૦ ફૂટના અંતરે સીધી આરોગ્ય વિભાગના મકાન પાસે જ બનાવી દેવામાં આવી છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે ભરૂચ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકા પંચાયતના મળતિયા અધિકારીઓ માત્ર ગ્રાન્ટ વાપરવા ખાતર બિનઉપયોગી અને તકલાદી સ્ટ્રક્ચર્સ ઊભાં કરી રહ્યાં છે. ફોકડી ગામની આ કચરાપેટી તાત્કાલિક હટાવવામાં આવે અને જવાબદાર અધિકારીઓ સામે જિલ્લા વિકાસ અધિકારી કડક કાર્યવાહી કરે તેવી માંગ ઊઠી છે. જો સમગ્ર નેત્રંગ તાલુકામાં તપાસ કરવામાં આવે તો લાખો રૂપિયાનું કૌભાંડ બહાર આવે તેવી શક્યતા છે.

## 'તું કેમ અહીંથી જાય છે?' કહી બિહારી પર લાકડીથી હુમલો

**જોળવાની** ઘટના, ત્રણ ઇસમ સામે ગુનો દાખલ

પલસાણા: પલસાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા જોળવા ગામની અનુરાગ સોસાયટીમાં જાહેર રસ્તા પરથી પસાર થવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું.

ફરિયાદી ગુડ્ડુભાઈ લખ્ખનભાઈ બીંદ મૂળ બિહારના ગયા જિલ્લાના રહેવાસી છે અને હાલ જોળવા ગામની અનુરાગ સોસાયટીમાં રહે છે, તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ગત તા.10/3/2026ના રોજ રાત્રે આશરે સાડા આઠ વાગ્યાના સુમારે ગુડ્ડુભાઈ તેમના સંબંધીઓ ધર્મેન્દ્રભાઈ અને નિતેશકુમાર સાથે સોસાયટીમાં આવેલા તેમના મિત્ર મનિષભાઈના ઘરે સૂવા માટે જઈ રહ્યા હતા. આ દરમિયાન સોસાયટીના રસ્તા પર આરોપી વજુભાઈ બિજલભાઈ ભૂવાએ તેમને અટકાવી 'તું કેમ અહીંથી જાય છે?' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો.

તકરાર વધતાં આરોપી વજુભાઈએ ગુડ્ડુભાઈને લાકડી વડે ડાબા હાથે ફટકો માર્યો હતો. ત્યારબાદ અન્ય આરોપી ભરતભાઈ વજુભાઈ ભરવાડે પણ લાકડી વડે ફરિયાદીના પગના ભાગે માર માર્યો હતો. જ્યારે વજુભાઈની પત્ની રાધાબેને પણ આવીને બોલાચાલી કરી ફરિયાદીના સંબંધીઓને ઢીકમુક્કીનો માર માર્યો હતો. આ ત્રણેય આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી ધમકી આપી હતી કે જો હવે પછી આ રસ્તા પરથી જશો તો જાનથી મારી નાંખીશું. આ બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતાં પલસાણા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે આ મામલે ભરતભાઈ વજુભાઈ ભરવાડ, વજુભાઈ બિજલભાઈ ભૂવા અને રાધાબેન વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે.

## બેડચીત ગામે કરિયાણાની દુકાનમાં આગ

વ્યારા: ડોલવણના બેડચીત ગામે પ્રધાન ફળિયામાં રહેતા જીતુભાઈ મારવાડીની કરિયાણાની દુકાનમાં અચાનક આગ લાગી હતી. અચાનક આગ લાગતાં ફાયર વિભાગને જાણ કરતાં ફાયર વિભાગે સ્થળ પર આવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

## અંકલેશ્વરમાં રૂ.38.54 લાખનું તેલ ગાયબ કરી ચાલક પલાયન

**માંડવા** પાસેની હોટલના પાર્કિંગમાં ટેન્કર લાવારિસ મળ્યું



સુરેશ ગાંધી, પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક ટેન્કરમાં ભરેલા લાખો રૂપિયાના પામોલીન તેલની ચોરીનો બનાવ સામે આવ્યો છે. ઘટનામાં ટેન્કરનો ડ્રાઈવર જ તેલનો જથ્થો ગાયબ કરી ફરાર થઈ જતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ વલસાડના વાપી વિસ્તારમાં રહેતા અને મૂળ ઉત્તર પ્રદેશના રહેવાસી અનિલકુમાર લક્ષ્મી મિશ્રાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ તેઓએ થોડા સમય અગાઉ અશોક લેલેન્ડ કંપનીનું ટેન્કર નં.(જીજે-15-એ.ટી.2999) ખરીદીને ભાડે ફેરવવાનું કામ શરૂ કર્યું હતું. આ ટેન્કર પર ડ્રાઈવર તરીકે ઉત્તર પ્રદેશના પ્રતાપગઢના ગજેહડીનો સાજીદઅલી મોહમ્મદ ફારૂક કામ કરતો હતો. ગત તા.5 માર્ચે ટેન્કર કડી ખાતે પહોંચ્યા બાદ પ્રિયા રોડ લાઇન્સ મારફતે જી-૧ એગ્રો પ્રોડક્ટર્સ લિમિટેડ કંપનીમાંથી પામોલીન તેલનો જથ્થો લોડ કરવામાં આવ્યો હતો. આ જથ્થો મહારાષ્ટ્રના બેલાપુર સ્થિત આનંદ ઇન્ડસ્ટ્રિઝ ખાતે પહોંચાડવાનો હતો. તા.8 માર્ચે ડ્રાઈવર ટેન્કર લઈને કડીથી બેલાપુર જવા નીકળ્યો હતો. ત્યારબાદ તા.9 માર્ચે ડીઝલ ભરાવવા માટે તેણે માલિક પાસેથી રૂપિયા માંગ્યા હતા અને માલિકે રૂ.7000 ઓનલાઈન મોકલ્યા હતા. ત્યાર પછી ડ્રાઈવરનો મોબાઇલ ફોન બંધ આવવા લાગ્યો હતો. ફરિયાદીએ ટેન્કરનું જીપીએસ લોકેશન ચેક કરતાં ટેન્કર માંડવા નજીક નેશનલ હાઇવે નં.48 પર આવેલ એક હોટલના પાર્કિંગમાં ઊભું હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળ પર પહોંચતાં ટેન્કર ખાલી હાલતમાં મળી આવ્યું હતું અને ડ્રાઈવર ફરાર હતો. તપાસ દરમિયાન ટેન્કરમાં ભરાયેલો પામોલીન તેલનો જથ્થો ૨૮,૩૫૦ કિલો હોવાનું અને તેની કિંમત અંદાજે રૂ.38,54,891 હોવાનું બહાર આવ્યું હતું. આરોપી ડ્રાઈવરે અંગત લાભ માટે તેલ સસ્તામાં ક્યાંક વેચી દીધું હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. પોલીસે આ મામલે ડ્રાઈવર સાજીદઅલી મોહમ્મદ ફારૂક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી શોધખોળ શરૂ કરી છે.

## અંધારવાડી નજીક મીંઢોળા નદીમાં ગેરકાયદે કેમિકલ ઠલવાયું

**કોઈ** કેમિકલ ફેક્ટરીમાંથી ટેન્કર મારફતે નદીમાં કેમિકલ ઠલવાયું હોવાની આશંકા



વ્યારા: વ્યારા નજીક અંધારવાડી નજીક મીંઢોળા નદીમાં રાત્રિના અંધારાનો લાભ લઈ કોઈ ટેન્કર ચાલક અતિશય દુર્ગંધયુક્ત કેમિકલ ઠાલવી જતાં સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો છે. નદીમાં કેમિકલ ઠલવાતાં મીંઢોળા નદીના જળચર જીવોના અસ્તિત્વ સામે જોખમ ઊભું થયું છે તેમજ આ નદીના પાણીનો નદીની આસપાસના વિસ્તારના ખેડૂતો દ્વારા સિંચાઈ માટે ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે મીંઢોળા નદીમાં ગેરકાયદે રીતે કેમિકલ ઠાલવી જતાં ખેતીના પાકને પણ નુકસાન થાય તેવી શક્યતા રહેલી છે.

વ્યારામાંથી પસાર થતી આ મીંઢોળા નદીને પ્રદૂષિત કરવા કેમિકલ ફેક્ટરીએ જાણે પરવાનો લીધો હોય તેમ રાત્રિના અંધારામાં અતિશય દુર્ગંધ મારતું કેમિકલ ઠાલવી નદીના જળચર જીવોના અસ્તિત્વ સાથે ચેડાં કરવામાં આવી રહ્યાં છે. આ બાબતે સ્થાનિક ગ્રામ પંચાયત પણ પોતાના ગામમાંથી પસાર થતી નદીમાં કોણ અને કોની રહેમનજર હેઠળ કેમિકલ ઠાલવી રહ્યું છે તેની તપાસ કરવામાં આવે તેવી લોકમાંગ ઊઠી છે.

## મૂળદ પાટિયા પાસે ફરી અકસ્માત, કાર પલટી



કિરણ ઢોડિયા

કીમ: ઓલપાડના કીમ નજીક આવેલ મૂળદ પાટિયા પાસે ગુરુવારે સાંજે લગભગ ૬ વાગ્યાના આસપાસ ફરી એક વખત અકસ્માતની ઘટના બની હતી.

અંકલેશ્વરના એક દંપતી સુરત ખાતે પોતાના પરિવારજનોને મળવા જઈ રહ્યું હતું. ત્યારે કીમ નજીક મૂળદ પાટિયા પાસે આવેલા કટ પાસે અચાનક રોડ પર ટ્રક આવી જતા કારચાલકે ટ્રકને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રકને બચાવવા જતા કારનો કાબૂ ગુમાવતા કાર રોડની બાજુમાં આવેલા કાંસમાં ખાબકી ગઈ હતી. સદનસીબે અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ નહોતી, જેને કારણે રાહતનો શ્વાસ લેવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોએ તરત જ ઘટનાસ્થળે પહોંચી કારમાં ફસાયેલા બંને વ્યક્તિઓને સલામત બહાર કાઢ્યા હતા. બાદમાં ક્રેનની મદદથી અલ્ટ્રોઝ કાર નં.(GJ16 DG 0561)ને કાંસમાંથી બહાર કાઢવામાં આવી હતી. સ્થાનિક લોકોનું કહેવું છે કે મૂળદ પાટિયા પાસે આવેલા કટ પર વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે, ત્યારે સુરક્ષા વ્યવસ્થા જરૂરી છે.


Milano MULTIPLEX

બારડોલી

The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm

Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm

Tere Naam - 04:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333


## સંક્ષિપ્ત સમાચાર

### વાલોડમાં પાડોશીના સગીર પુત્રએ યુવાનની છાતીમાં ચપ્પુ ઝીંક્યું

વાલોડ: વાલોડ ખાતે પુલ ફળિયામાં રહેતા સાવનભાઈ ચંદુભાઈ શિંદે (ઉં.વ.30) મજૂરીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમણે વાલોડ પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદ મુજબ તેમના ઘરની પાછળના વાડાના ભાગે તેમના છોકરાઓ પાણીમાં રમી રહ્યા હતા. જેથી પાણી ઢોળાઈને પાડોશમાં રહેતા દિલીપ જાદવ શિંદેના ઘર તરફ જતું હોવાથી દિલીપ શિંદે તેમજ તેમની પત્ની રેખા શિંદે તથા તેમનો પુત્ર સાવનભાઈની પત્ની અને તેમની બહેન સોનલ સાથે મારામારી કરવાનું શરૂ કર્યું હતું. જેથી આ ઝઘડામાં વચ્ચે બચાવવા આવેલા રણજીત સાથે પણ બોલાચાલી અને ઝઘડો કર્યો હતો. અને દિલીપ, રેખા તેમજ તેના બે સગીર દીકરાએ ભેગા મળી સાવન શિંદેના પરિવાર ઉપર હુમલો કરી ચપ્પુ બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. એટલું જ નહીં દિલીપના સગીર વયના દીકરાએ સાવનને છાતીના ભાગે ચપ્પુ હુલાવી દીધું હતું. આ મામલે સાવને વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી છે.

### વાગરા-આમોદ માર્ગ પર કેમિકલ ભરેલું ટેન્કર ખોટકાતાં વાહન વ્યવહારને અસર

ભરૂચ: વાગરાથી આમોદને જોડતા અત્યંત વ્યસ્ત માર્ગ પર ગુરુવારે એક કેમિકલ ભરેલું ટેન્કર રેલવે ફાટક પાસે અચાનક ખોટકાઈ પડતા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. કેમિકલ ભરેલું ટેન્કર ફાટક પસાર કરી રહ્યું હતું ત્યારે જ ટેકનિકલ ખામી સર્જાતા રસ્તાની બરોબર વચ્ચે થંભી ગયું હતું. માર્ગ સાંકડો હોવાથી જોતજોતામાં રસ્તાની બંને બાજુએ વાહનોની 1 કિલોમીટરથી વધુ લાંબી કતારો લાગી ગઈ હતી, જેમાં નોકરીયાત વર્ગ અને ભારે માલવાહક વાહનો ફસાઈ જતાં વાહન વ્યવહાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. આ ગંભીર ટ્રાફિક જામની જાણ વાગરા પોલીસને થતા જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ટ્રાફિક નિયંત્રણની કામગીરી હાથ ધરી હતી. પોલીસે ભારે જહેમત ઉઠાવી અને સમયસૂચકતા વાપરીને ક્રેન મંગાવી કેમિકલ ભરેલા ટેન્કરને માર્ગ પરથી ખેંચીને સાઈડમાં કરાવ્યું હતું. ટેન્કર હટતાની સાથે જ વાહનવ્યવહાર ધીરે ધીરે રાબેતા મુજબ શરૂ થયો હતો અને કલાકોની ભારે કવાયત બાદ ટ્રાફિક હળવો થતાં વાહનચાલકોએ હાશકારો અનુભવ્યો હતો.

### મોરદેવીમાં 10 દિવસમાં એક જ જગ્યાએથી બીજો દીપડો પાંજરે પુરાયો



વાલોડ: વાલોડ તાલુકાના મોરદેવી ગામના નાચણા ફળિયામાં છ દિવસના ટૂંકા ગાળામાં બીજો દીપડો પાંજરે પુરાતાં સ્થાનિકોએ રાહત અનુભવી છે. અહીં અવારનવાર દીપડાઓ દ્વારા પાલતુ પશુઓના શિકારની ઘટનાઓ બનતી હતી, જેના પગલે વનવિભાગ દ્વારા સંજયભાઈ ચૌધરીના ઘર પાસે પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. ગુરુવારે વહેલી સવારે મારણની લાલચે અંદાજે 6 વર્ષનો દીપડો કેદ થયો હતો. RFO આસિફભાઈ પઠાણ અને તેમની ટીમ દ્વારા દીપડાનો કબજો મેળવી નર્સરી ખાતે ખસેડાયો હતો. પ્રાથમિક મેડિકલ તપાસ બાદ તેને સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવશે.

### પિસાદમાં ઈંટના ઘા ઝીંકી યુવકની હત્યા કરનારો કમલેશ પકડાયો



ભરૂચ: પિસાદ ગામે રાત્રે પંચાયત ફળિયા વિસ્તારમાં રહેતા સૂર્યવર્ધન છગનભાઈ મકવાણા (ઉં.વ.43) અને તેના જ ગામના કમલેશ મકવાણા વચ્ચે નજીવી બાબતે શાબ્દિક બોલાચાલી થઈ હતી. કમલેશે સૂર્યવર્ધન પર ઈંટના ઉપરાછાપરી ઘા ઝીંકી દેતાં તેનું મોત નીપજ્યું હતું. પોલીસે હત્યાનો ગુનો નોંધીને કારણે ગણતરીના કલાકોમાં જ આરોપી કમલેશને ઝડપી લીધો હતો.

### ભરૂચના સ્ટેશન રોડ પર પાલિકાના કોન્ટ્રાક્ટરે પાણીની લાઈન તોડી નાંખી!

ભરૂચ: ભરૂચ શહેરના સ્ટેશન રોડ પર સિટી સેન્ટરની સામે આવેલા ભૃગુ મંઝિલ શોપિંગ સેન્ટરમાં નાસ્તાની દુકાન ધરાવતા વેપારીએ ભરૂચ નગરપાલિકાના કોન્ટ્રાક્ટર સામે બેદરકારીનો આક્ષેપ કર્યો છે. ગત 20મી ફેબ્રુઆરીના રોજ પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરી દરમિયાન કોન્ટ્રાક્ટરે વેપારીની પાણીની લાઈન તોડી નાંખતા પાણીનો સપ્લાય સંપૂર્ણપણે બંધ થઈ ગયો હતો. આ સમસ્યા અંગે વેપારીએ નગરપાલિકાના પાણી વિભાગમાં રજૂઆત કરતા તેમને કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરવા જણાવાયું હતું. જ્યારે કોન્ટ્રાક્ટરનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેણે ફરીથી પાલિકામાં જાણ કરવા કહી પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા હતા. પાલિકા તંત્ર અને કોન્ટ્રાક્ટરની આ ખો-ખોની રમતમાં ખાણીપીણીનો વ્યવસાય કરતા વેપારીને ભારે આર્થિક નુકસાન અને માનસિક ત્રાસ સહન કરવો પડી રહ્યો છે. સમસ્યાના ઉકેલ માટે વેપારીએ ગત 5મી એપ્રિલે લેખિત અરજી આપી હોવા છતાં આજદિન સુધી કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. પાણીની તાતી જરૂરિયાત ધરાવતા આ વ્યવસાયમાં પાલિકાની ઘોર બેદરકારીના કારણે વેપારીને બહારથી ઊંચા ભાવે પાણી ખરીદવાની નોબત આવી છે, જેને લઈને તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.


**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૨૪/૨૦૨૬
તા.૦૯/૦૩/૨૦૨૬

વાદી :- છોટુભાઈ નગીનભાઈ ચૌધરી, રહે.ગવાછી, નાની ગવાછી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૪૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી ગવાછી ગ્રા.પં., તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૪૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી છોટુભાઈ નગીનભાઈ ચૌધરી, રહે. ગવાછી, નાની ગવાછી, તા.માંડવી, જી.સુરત-૩૯૪૧૪૦એ તેઓના પિતા નગીનભાઈ રંગજીભાઈ ચૌધરીનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: નગીનભાઈ રંગજીભાઈ ચૌધરી ૨. મરણ તારીખ: ૧૫/૦૭/૧૯૯૧ ૩. મરણનું સ્થળ: મોજે.ગવાછી, તા.માંડવી, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે નગીનભાઈ રંગજીભાઈ ચૌધરીના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૭૪/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- યાકુબ મુસા નાખુદા, રહે.મોટા ભીલવાડા, તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ પરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી તડકેશ્વર ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી યાકુબ મુસા નાખુદા, રહે. મોટા ભીલવાડા, તડકેશ્વર, તા.અરેઠ. જી.સુરત-૩૯૪૧૭૦એ તેઓના પોતે યાકુબ મુસા નાખુદાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: યાકુબ મુસા નાખુદા ૨. જન્મ તારીખ: ૦૩/૧૨/૧૯૬૪ ૩. જન્મનું સ્થળ: મોજે.તડકેશ્વર, તા.અરેઠ, જી.સુરત
સબબ, ઉપરોક્ત વિગતે યાકુબ મુસા નાખુદાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૨/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત